ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web:kskvku.digitaluniversity.ac

રેફ.નં.: કયુ/ BUTR–મિનીટ્સ/ ૨૦૨૩/૨૪૨૦

તા:– ૦૯/૧૦/૨૦૨૩

પ્રતિ,

માનનીય સભ્યશ્રીઓ..

..........................

..........................

વિષય :– બી.યુ.ટી.આર.ની તા.૦૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલ મિટીગની મિનીટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બી.યુ.ટી.આર.ની તા.૦૯/૧૦/૨૦૨૩ સોમવારના રોજ ૦૩:૩૦ કલાકે મળેલ મિટીગની મિનીટ્સ નોંધ નીચે જણાવ્યાનુસાર છે.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– તા.૦૯/૧૦/૨૦૨૩ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધ

નકલ રવાના જાણ અર્થે:–

૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે..
૨. સંબંધિત ફાઈલે.

૨૧

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

## તા.૦૯/૧૦/૨૦૨૩ સોમવારના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ શિક્ષણ અને સંશોધન બોર્ડ (બી.યુ.ટી.આર.)ની મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૦૯/૧૦/૨૦૨૩ સોમવારના બપોરે ૦૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કા.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં શિક્ષણ અને સંશોધન બોર્ડ (બી.યુ.ટી.આર.)ની મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>માનનીય કા.કુલપતિશ્રી<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. જી.એમ.બુટાણી<br>કુલસચિવશ્રી | મેમ્બર સેક્રેટરી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ.) એસ.જી. ભંડારી | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ.) ડી.એમ.બકરાણિયા | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. નરેન્દ્ર હિરાણી | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. સુર્યકાન્ત સોલંકી | સભ્યશ્રી | હાજર |
| ૮. | પ્રો.(ડૉ.) દર્શનાબેન ધોળકિયા | સભ્યશ્રી | હાજર |
| ૯. | ડૉ. કે. એમ. ત્રિવેદી | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. જી. એ. બક્ષી | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | ડૉ. કાશ્મીરાબેન મહેતા | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | ડૉ. જયદેવસિંહ રાયજાદા | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | ડૉ. સી. પી. પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | ડૉ. જાગૃતિબેન પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ડૉ. મહેશ મુલાણી | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડૉ. ગૌરવ ચૌહાણ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૧૭. | ડૉ. પંકજ ઠાકર | સભ્યશ્રી | હાજર |
| ૧૮. | ડૉ. મનીષ પંડયા | સભ્યશ્રી | હાજર |
| ૧૯. | ડૉ. મહેશ બારડ | સભ્યશ્રી | હાજર |
| ૨૦. | પ્રા. મહેશભાઈ ઓઝા | સભ્યશ્રી | હાજર |
| ૨૧. | ડૉ. જયદિપસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

કાર્યસૂચી :–

૧. ગત મિનીટ્સનું વાંચન અને બહાલી.

**ઠરાવ :૧ ગત મિનીટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. યુ.જી.સી.–પીએચ.ડી. રેગ્યુલેશન –૨૦૨૨ અનુસાર સરકારશ્રીની પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયાની આગળની કાર્યવાહિ હાથ ધરવાની મંજૂરી મળતા રેગ્યુલેશન–૨૦૨૨ અનુસાર બનાવવામાં આવેલ પીએચ.ડી. ઓર્ડિનન્સની ડ્રાફટ કોપી, માર્ગદર્શિકા તથા GDPI ફોરમેટ તૈયાર કરી મંજૂરી અર્થે મુકવામાં આવેલ છે જે બાબતે ચર્ચા–વિચારણા (ડ્રાફટ કોપી આ સાથે સામેલ રાખેલ છે.)

**ઠરાવઃ ૨** **<u>ઓર્ડિનન્સ :</u> યુ.જી.સી.–પીએચ.ડી. રેગ્યુલેશન – ૨૦૨૨ તા.૭/૧૧/૨૦૨૨ અનુસાર સરકારશ્રીની પીએચ.ડી. પ્રવેશ પ્રક્રિયાની આગળની કાર્યવાહિ હાથ ધરવાની મંજૂરી મળતા રેગ્યુલેશન–૨૦૨૨ અનુસાર બનાવવામાં આવેલ પીએચ.ડી. ઓર્ડિનન્સને બી.યુ.ટી.આર.ના સર્વે સભ્યશ્રીઓએ સર્વાનુમતે મંજૂર રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

**<u>માર્ગદર્શિકા :</u> એજન્ડામાં આપેલ આદર્શ માર્ગદર્શિકામાં જે તે વિષયમાં qualified થયેલ વિદ્યાર્થીઓના પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાના માર્કસ માટે NET, SLET AND JRF ના વિષયમાં મેળવેલ મહત્તમ માર્કસ ગણવાના રહેશે.**

**માર્ગદર્શિકાના મુદ્દા નં.૫ માં GDPI માં ફકત બે બાહય નિષ્ણાંતોના માર્કસ મેરિટ માટે PET ના માર્કસ સાથે ગણવાના રહેશે.**

**આ બન્ને સુધારા સાથે આ માર્ગદર્શિકા ગ્રાહય રાખી સર્વાનુમતે મંજૂર રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૩. ડીનશ્રી આર્ટ્સ ફેકલ્ટીનો તા.૨૦/૦૯/૨૦૨૩ ના પત્ર બાબતે ચર્ચા–વિચારણા.

(ડૉ. સુશીલ ધર્માણીએ ડીનશ્રીને સંબોધીને લખેલ પત્રમાં તેઓશ્રીએ હિન્દીના બે વિષયના પીએચ.ડી. વિદ્યાર્થીઓની સેમ– ૬ ની આર.એ.સી. કરવાની ભૂલાઈ ગયેલ છે તેવું લેખિત જણાવેલ છે. વિદ્યાર્થીઓની વિગત આ સાથે જણાવ્યાનુસાર છે.

૧. અભિલાષકુમાર સીધ<br>
રજીસ્ટ્રેશન તા.૧૪/૦૩/૨૦૧૯<br>
સેમ.–૬ ફી ભર્યા તા.૨૭/૧૨/૨૦૨૧

૨. કટુવા વિનોદ<br>
રજીસ્ટ્રેશન તા.૧૧/૦૩/૨૦૧૯<br>
સેમ.–૬ ફી ભર્યા તા.૧૮/૧૨/૨૦૨૧

ઠરાવ :૩ **જો કોઈ વિદ્યાર્થી પીએચ.ડી.ની આર.એ.સી.માં ગેરહાજર રહે તેવા સંજોગોમાં તે વિદ્યાર્થીને વધુમાં વધુ બે આર.એ.સી.ને આગળ લંબાવી શકાશે અને ખાસ કિસ્સામાં માનનીય કુલપતિશ્રીને વધારાની બે આર.એ.સી.ની મંજૂરી આપવાની સત્તા વધુમાં વધુ છ વર્ષમાં પૂર્ણ કરવાના નિયમને આધિન રહીને આપવાની રહેશે અન્યથા વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન રદ ગણાશે.**

**ઉપરોક્ત બે વિદ્યાર્થીઓને બી.યુ.ટી.આર.ના ઉપરોક્ત ઠરાવ માં થયેલ ઠરાવ્યા મુજબ મંજૂરી આપવામાં આવે છે.**

૪. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે..

૧. પીએચ.ડી. પ્રવેશ અંગેની કાર્યવાહિ બાબતે..

ઠરાવ :૪ **પીએચ.ડી.ની પ્રવેશ પ્રક્રિયાની આગળની કાર્યવાહીમાં GDPI તથા કોર્ષ વર્કનું કાર્ય આગળ વધારવું પરંતુ વિદ્યાર્થીઓની ફાળવણી તા.૧૫/૭/૨૦૨૩ની બી.યુ.ટી.આર.ના ઠરાવ નં.૨ ના મુદ્દા નં. ૨ મુજબ માર્ગદર્શકશ્રીની માન્યતાનો નિર્ણય થયેથી તમામ ગાઈડશ્રીને વિદ્યાર્થી ફાળવવાનું રહેશે જે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**

**નકલ રવાના જાણ અર્થે:–**

૧. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય તરફ